એસ. વી. પ્રિ-સ્કૂલ દ્વારા નવરાત્રી પર્વની ઉજવણી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,ગાંધીનગર સંચાલિત એસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં નવરાત્રિ પર્વ ધામધૂમથી ઉજવવામાં આવ્યું હતું. શાળાનાં બાળકો રંગબેરંગી ટ્રેડિશનલ વસ્ત્રોમાં સજ્જ થઈને શાળાએ આવ્યા હતા. સૌએ મા જગદંબાની આરતી કરી, તેમના આશીર્વાદ લઈ, ગરબાની મજા માણી હતી. શાળાના શિક્ષકોએ પણ આ ઉજવણીમાં તેમને સાથ આપી પ્રોત્સાહિત કર્યા હતા. અંતમાં તમામને પ્રસાદ આપવામાં આવ્યો હતો.

જે બી સ્કૂલમાં મટકી સુશોભન

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળા ખાતે ધોરણ-૭,૮ના વિદ્યાર્થીઓ માટે નવરાત્રી પર્વ નિમિત્તે મટકી સુશોભન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૦૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક આ સ્પર્ધામાં ભાગ લઈ વિવિધ વસ્તુઓથી મટકીનું સુંદર સુશોભન કર્યું હતું. સ્પર્ધામાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને શાળા તરફથી ઇનામો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં.

એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલનો ગરબા કાર્યક્રમ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલમાં અભ્યાસ કરતી ધોરણ-૧ અને ૨ની વિદ્યાર્થિની બહેનો માટે નવરાત્રી મહોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓએ ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ થઈને ગરબા રમવાનો આનંદ માણ્યો હતો. સુપરવાઈઝર સંગીતાબેનના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષકોએ પણ વિદ્યાર્થીનિઓ સાથે ગરબે ઘૂમીને નવરાત્રીનો આનંદ માણ્યો હતો.

નવરાત્રી અંતિમ તબક્કામાં છે ને તેની ઉજવણીનો ઉત્સાહ ચરમસીમાએ છે ત્યારે સેક્ટર-૭ ખાતે સ્થિત શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કૉલેજ કેમ્પસ ખાતે નવરાત્રીની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓ સાથે અધ્યાપકોએ પણ ગરબે ઘૂમીને નવરાત્રી પર્વનો આનંદ માણ્યો હતો.

ઇન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ ખાતે નવરાત્રીની ઉજવણી નિમિત્તે ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓ સાથે ટ્રસ્ટી ડૉ. પ્રદીપ ગગલાણી, ડિરેક્ટર શૈલેષભાઈ પંડ્યા, આચાર્ય જ્યોતીબેન અને સ્ટાફ પરિવારના સભ્યો પણ ગરબે ઘૂમ્યા હતા. ઉપક્રમને સફળ બનાવવવા માટે સ્વાતિબેન દવે, સબીહાબેન, તુષારકુમાર, ભાવિકભાઈ અને સેવકભાઈઓએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંકલન કૉમ્પ્યુટર નિષ્ણાત ધ્રુવભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

જન્મદિને વધામણી

નિરાલી ધનંજય જોષી
મો. ૯૯૨૪૫ ૫૮૫૧૧

એમ ડી વાઘેલા
મો. ૯૮૨૫૦ ૦૫૯૧૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

'આસિઆ' દ્વારા ઇજનેરી તથા આર્કિટેક્ટના વિદ્યાર્થીઓ સન્માનાશે

ગાંધીનગર, તા. ૭

એસોસિએશન ઑફ સિનિયર એન્જિનીયર્સ એન્ડ આર્કિટેક્ટ, ગાંધીનગર દ્વારા સ્નાતક ઇજનેરો અને સ્નાતક આર્કિટેક્ટ્સનું સન્માન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર શહેર અને 'ગુડા'માં સમાવિષ્ટ ગામોમાં વસવાટ કરતા જે વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૧૯માં લેવાયેલી ઇજનેરી, આર્કિટેક્ટની કોઈપણ ફેકલ્ટીની વાર્ષિક પરીક્ષા પ્રથમ પ્રયાસે ઉત્તીર્ણ કરી હોય તેમને પોતાના ગુણપત્રકની નકલ, નામ, સરનામું, ટેલિફોન નંબર અને બે પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સહિતની વિગતો સંસ્થાના મંત્રી હસમુખ બી શાહ, પ્લોટ નં. ૪૬૫/એ/૧, ગોકુલ સોસાયટી, સેક્ટર-૮, ગાંધીનગર (મો. ૯૮૭૯૯ ૫૫૦૫૬) અથવા નટુભાઈ પી ગજ્જર, પ્લૉટ નં. ૧૯૦, સેક્ટર-૨૯, ગાંધીનગર (ફોન ૨૩૨૨૮૧૬૦, મો. ૯૮૨૫૪ ૪૪૯૮૭)ને તા. ૩૧મી ઑક્ટોબર સુધી મોકલી આપવા માટે સંસ્થાએ એક અખબારી યાદીના માધ્યમથી અનુરોધ કર્યો છે.

સ્કૂલ ઑફ અચિવર, કુડાસણમાં 'નવરાત્રી મહોત્સવ'

સ્કૂલ ઓફ અચિવર, કુડાસણના પ્રાંગણમાં આદ્યશક્તિની આરાધનાના પ્રતીકરૂપ ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ગરબા મહોત્સવમાં વિવિધ કેગેટરી જેવી કે,ધોરણ -૩ થી ૫, ધોરણ-૬ થી ૮ અને ધોરણ-૯ થી ૧૨માં બેસ્ટ કોશ્ચ્યુમ અને બેસ્ટ ખેલૈયા તરીકે દરેક ગ્રુપમાંથી ૮ બાળકોની પસંદગી કરી તેમને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યાં હતાં. ઉપરાંત ગ્રુપ કોમ્પિટીશનમાં દરેક કેટેગરીમાંથી ૧૫થી ૨૦ ગ્રુપ દ્વારા પર્ફોમન્સ આપવામાં આવ્યું હતું. દરેક કેટેગરીના વિજેતા ગ્રુપને પ્રોત્સાહક ઈનામ અપાયાં હતાં. દરેક કેટેગરીમાંથી એક ખેલૈયાને બેસ્ટ પર્ફોમર ઓફ એચિવર તરીકે પસંદ કરી બમ્પર ઈનામ સ્વરૂપે દરેકને સાયકલ આપવામાં આવી હતી. ગરબાની વિવિધ શૈલી તથા જૂની પરંપરાના જોડાણથી સમગ્ર ઉત્સવ રંગીન બનવાની સાથે સાથે જીવંત અને અનેરા ઉલ્લાસમાં ફેરવાઈ ગયો હતો.

એસ. કે. પટેલ સ્કૂલમાં નવરાત્રિનું સેલિબ્રેશન'

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે.પટેલ સ્કૂલમાં નવરાત્રિ મહોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. આ નવરાત્રિ સેલિબ્રેશન ટોય હાઉસમાં રાખવામા આવ્યું હતું. જેમાં બાળકો ટ્રેડિશનલ કપડાં પહેરીને આવ્યા હતા અને મન મૂકીને ગરબા રમ્યા હતા. આચાર્ય દિપાલી જોશી તથા શિક્ષિકોએ પણ બાળકો સાથે ગરબા રમવાનો આનંદ લીધો હતો.

આર સી પટેલ સ્કૂલ દ્વારા નવરાત્રીની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈને આવેલા શિક્ષકો અને વિદ્યાર્થીઓએ આનંદથી ગરબે ઘૂમી આ ઉજવણીને સાર્થક કરી હતી. આચાર્ય વિનોદભાઈ પટેલ અને સુપરવાઈઝર્સ પણ વિદ્યાર્થીઓ સાથે ગરબામાં જોડાયા હતા.

રાજ્ય સરકાર દ્વારા યોજવામાં આવેલા ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ રમતોમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ જિલ્લાકક્ષાએ વિજેતાપદ મેળવી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી છે. ટેક્વોનડો સ્પર્ધામાં ધ્રુવ નીરજભાઈ પ્રજાપતિ, ચેસની સ્પર્ધામાં ઋતુલ પલ્કેશભાઈ પટેલ અને ૨૦૦ મીટર દોડની સ્પર્દામાં મનોજ સુરેશભાઈ તરાલ વિજયી બન્યા હતા.

એમ.પી.શાહ આર્ટ્સ કોલેજનું 'પ્લાસ્ટિક મુક્ત ભારત' અભિયાન

એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી કડી, સંચાલિત મણિબેન એમ.પી.શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીના રાષ્ટ્રીય સેવા યોજના અને સામુદાયિક સેવાધારા અંતર્ગત તેમજ એન.સી.સી. દ્વારા ભારત સરકારના 'સ્વચ્છતા અને પ્લાસ્ટિક મુક્ત ભારત' અભિયાન અંતર્ગત કડી શહેરમાં રેલી કાઢવામાં આવી હતી. પ્લાસ્ટિકથી કેવા પ્રકારનું નુકશાન થાય છે તે સમજાવી લોકોને પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા માટે સમજાવવામાં આવ્યા હતા. એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રો. એચ. એચ. પરમાર, એન.સી.સી.ઓફિસર પ્રો. સ્વાતિબેન નિગમના સહયોગ અને કોલેજના આચાર્યા ડૉ. હિનાબેન પટેલના સુયોગ્ય માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ સંપન્ન થયો હતો.